મળ્યા તારીખ :– ૨૧.૦૩.૨૦૧૩
નોંધણી તારીખ :– ૨૧.૦૩.૨૦૧૩
ફેસલ તારીખ :– ૦૧.૦૫.૨૦૨૬
અવધિ :– વર્ષ માસ દિવસ
૧૩ ૦૧ ૧૦

सत्य मेव जयते

વંથલીના મહે. એડી. સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ. વંથલી.

સ્પે.દિ. મુ. નં.૧૯/૨૦૧૯.
આંક–૧૩૪

શ્રી હર્ષદ જીન મીલ કં.
તે ઇન્ડીયન પાર્ટનરશીપ એકટ નીચે નોંધાયેલી ભાગીદારી
પેઢી થ્રુ પાર્ટનર પરબતભાઇ એભાભાઇ તરખાલા
ઉ.વ.આ.૪૭, ધંધો–વેપાર,
રહે.બાટવા, તા.માણાવદર. જી.જુનાગઢ. **............વાદી**

વિરૂધ્ધ

પશ્ચિમ ગુજરાત વીજ કં લી.
સમન્સ થ્રુ : પ્રિન્સીપાલ ઓફીસર શ્રી,
કોર્પો ઓ. :– પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન
નાના મવા મેઈન રોડ, લક્ષ્મી નગર,
રાજકોટ. **........પ્રતિવાદી**

બાબત :– રૂા.૧૨ લાખ વ્યાજ અને ખર્ચ સહી વસુલ કરવા સંબંધે.

વાદીના વિ. વ. શ્રી એન. એસ. શેઠ.
પ્રતિવાદીના વિ. વ. શ્રી કે. ટી. દુબે.

-:: ઠ રા વ ::-

(૦૧) વાદીએ હાલનો દાવો વિજ્ઞાપન તથા રૂપીયા બાર લાખ વસુલ મેળવવા માટે દાખલ કરેલ છે. જેની ટુંકમાં વિગત નીચે મુજબ છે.

અમો વાદીઓ શ્રી હર્ષદ જીન મીલ કં., બાંટવાના નામે ચાલતા ધંધાના ભાગીદારો છીએ અને બધા ભાગીદારો વતી કાનુની પ્રક્રિયા સહીતનું કામકાજ કરવા માટે વાદી નં. ૩ જોગનું પાવર ઓફ એટર્ની છે અને આથી દાવા અરજીમાં બધા જ ભાગીદારો અને પેઢી વતી વાદી નં.૩ નાએ સહી કરેલી છે. વાદી પેઢીનું મુખ્ય કામ મગફળી, કપાસીયા વગેરેના પીલાણનું છે. આ ઉપરાંત આ પેઢી ખરીદ-વેચાણની કાર્યવાહી પણ કરે છે અને આ પેઢીની ઓઈલ મીલ માણાવદર તાલુકાના બાંટવા ગામે આવેલી છે અને આ ફેકટરીમાં ઉત્પાદન માટે પ્રતિવાદી કં.નું વીજ કનેકશન ૩૫૨૦૧/૦૦૦૧૭/૭ આવેલ છે અને તે ૭૫ હોર્સ પાવરનું છે. પી.જી.વી.સી.એલ. દ્વારા વીજ ચોરી અટકાવવા માટે મોટો વિદ્યુત વપરાશ કરતા એકમોમાં ડીઝીટલ મીટરો મુકવામાં આવેલા છે અને મોટા ભાગના આવા મીટરો લાર્સન એન્ડ ટોબ્રો કંપનીના છે અને વાદીઓની ફેકટરીમાં ૨૦૦૫ ની સાલમાં આ ડીઝીટલ મીટર ફીટ કરવામાં આવેલ છે. વાદી પેઢીને ઈલે.બીલ દર માસે આવે છે અને તે નિયમીત ભરાય છે. આ ઉપરાંત બાંટવા સબ ડીવીઝનના મીટર રીડર દ્વારા રોજેરોજના મીટરના આંકડા લેવામાં આવે છે અને તે સબડીવીઝનને જાણ કરવામાં આવે છે અને તેનું રેકર્ડ રાખવામાં આવે છે. ડીઝીટલ મીટર લગાડયા બાદ ૨૦૦૯ ની સાલમાં આ મીટર સબંધે નિરીક્ષણ કરવા માટે મોડેમ ફીટ કરવામાં આવેલ. આ મોડેમથી વિદ્યુત વપરાશના આંકડાઓ મીટરમાંથી સીધા પ્રતિવાદી ડાઉન લોડ કરી શકે છે. મોડેમ લગાડયું તેના થોડાક સમય પહેલા ટી.સી. લગાડેલ હતું અને ટી.સી. ઉપર પી.જી.વી.સી.એલે. પોતાનું ટી.સી. મીટર લગાડેલ હતું. પ્રતિવાદી કં. નો વિદ્યુત વપરાશ પ્રથમ ટી.સી.માં આવે છે અને ત્યારબાદ મોડેમ અને ડીઝીટલ મીટરમાં આવે છે. આથી સમાંતર રીતે વિદ્યુત વપરાશના ચેકીંગ માટે પ્રતિવાદીએ આ વ્યવસ્થા ઉભી કરી છે. વાદી પેઢી કયારેય વિદ્યુતની ચોરી કરતી નથી. ભુતકાળમાં પણ કયારેય અમારી સામે વિદ્યુત ચોરીના આક્ષેપ પણ થયેલા નથી. ડીઝીટલ મીટર ઉપર ૮/૯/૨૦૦૯ ના રોજ જયારે મોડેમ ફીટ કરેલ ત્યારે સમગ્ર મીટરની ચકાસણી થયેલી હતી અને ત્યારે મીટરની પરિસ્થિતિ નોર્મલ હતી. ત્યારબાદ ૩૧/૩/૨૦૧૦ ના રોજ બાંટવા સબ ડીવીઝનમાંથી

મીટર ગરમ થવાની ફરીયાદ હોય ચેકીંગ માટે આવેલા અને મોડેમમાંથી ડેટા ડાઉનલોડ કરેલા તથા નવું ડીઝીટલ મીટર નાખીને જુનુ મીટર ઉતારી ગયેલા. ત્યારે સ્થળ ઉપર કોઈ પ્રકારે અનિયમીતતા જણાયેલી નહી અને અમોને ઉતારી ગયેલ મીટર ટેસ્ટીંગ માટે તા. ૩/૫/૨૦૧૦ ના રોજ રાજકોટ બોલાવેલા અને ત્યાં લેબોરેટરીમાં ચેકીંગ કરતા મીટરમાં જે આંકડા ડિસ્પ્લે થાય તેમાં ૯૪૯૬૭૨૯.૫ નો અંક ડીસ્પ્લે થતો હતો અને તે પહેલા પ્રતિવાદીએ ચોરી છે તેમ માનીને અમારી સામે એફ.આઈ.આર. આપી દીધેલ અને વિદ્યુત કનેકશન સ્થળ ઉપર કાપી નાખેલ હતું. આ રીતે લેબોરેટરીમાં ચેકીંગ થયા બાદ આશરે ૫ માસ બાદ અમોને જાણે અમોએ ચોરી કરેલ હોય તે રીતે રૂા. ૬,૪૫,૭૩૯.૪૭ પૈસાનું બીલ આપેલ. અમારી સામે ફોજદારી ફરિયાદ હોય, પ્રતિવાદીના નિયમ મુજબ સંપૂર્ણ બીલની રકમ વાંધા સાથે ભરી દીધેલ. જેથી અમોને જામીન મુકત કરાયેલા અને આ ફોજ.કેસ હજુ પેન્ડીંગ છે. જે સ્પે.કેસ નં. ૧/૨૦૧૩ થી આપ નામ. અદાલતમાં પેન્ડીંગ છે. પ્રતિવાદી જેને ફકત અમુક આંકડા ડીસ્પ્લે થાય એટલે ચોરીનું અનુમાન થાય તેમ કહે છે તે વાસ્તવિક રીતે ખરું નથી. થાંભલે લગાડેલ ટી.સી. મીટરના આંકડા અને અમારા ડીઝીટલ મીટરના આંકડા વિદ્યુત વપરાશના જોતા ટી.સી. મીટરમાં કુલ ૧૧ જેટલા ગ્રાહકોના કનેકશન હતા તે બધાના ટોટલ કરતા ગ્રાહકોના મીટરનો વિદ્યુત વપરાશ વધારે છે. આથી આ એક માત્ર કારણસર તે સાબિત થાય છે કે કોઈ વિદ્યુત ચોરી થયેલી નથી. અમોને વિદ્યુત વપરાશનું બીલ આપ્યું ત્યારબાદ અમોએ આ બાબતે નામ. ગુજ. હાઈકોર્ટમાં પીટીશન કરેલી અને તે પીટીશનમાં એ હુકમ થયો કે અમારે ઓમ્બુડસમેનમાં જવું અને આથી અમોએ તેમાં અરજી કરેલી. જેના અનુસંધાને તા. ૬/૮/૨૦૧૦ ના બપોરના ૧૨ વાગ્યે અમોને તથા પ્રતિવાદીને સાંભળેલા અને ઓમ્બુડસમેન કોઈ હુકમ કરે તે પહેલા પ્રતિવાદીએ નામ. ગુજ. હાઈકોર્ટમાં ઓમ્બુડસમેનની ઓથોરેટી ચેલેન્જ કરેલ. જે નામ. ગુજરાત હાઈકોર્ટે માન્ય રાખેલ. આથી ત્યાંથી કોઈપણ પ્રકારે હુકમ આવેલ નહી અને અમારે વિદ્યુત કનેકશનની જરૂર હોય અમોએ વાંધા સાથે તા. ૨૫/૮/૨૦૧૦ થી ૨૫/૧૧/૨૦૧૦ સુધીમાં અમોએ ૪ હપ્તે પૈસા વાંધા સાથે ભરી દીધેલ. ખરી હકીકતે પ્રતિવાદીની અને ખાસ કરીને તેની કોર્પોરેટ ઓફીસે કાઢેલ ૯/૨/૨૦૧૦ નો પરિપત્ર કાયદા વિરુધ્ધનો છે. તે પરિપત્ર મુજબ ડીઝીટલ મીટરમાં ૯૪૯૬૭ ૨૯.૫ ના ફીગર ઉપરાંત અન્ય અક્ષરો જેવા કે TXDT મીટરમાં DISPLAY થાય તો HOUR TO HOUR CONSUMPTION DATA MISSING હોય અને

ત્યારે જ વીજ ચોરીનું અનુમાન કરી શકાય. જે અમારા મીટરના પરિક્ષણમાં અન્ય અક્ષરો DISPLAY થયેલ નથી. તે જ રીતે મીટરના MRI પેરા મીટરમાં અન્ય પેરા મીટર કે જેમાં HOUR TO HOUR વીજ વપરાશ નોંધાયેલ હોય તો તે મીટરની યોગ્ય અને ખામી વિનાની પરિસ્થિતિ હોય તેમ માનવું જોઈએ. તેવા પ્રસ્થાપીત સિધ્ધાંતોનું પણ પ્રતિ. સંસ્થા દ્વારા ઉલ્લંઘન કરવામા આવેલ છે તેમજ અમારા યુનીટના પરિક્ષણમાં MRI નું પણ ઉપર મુજબ મીટરની સ્થિતી દર્શાવેલ છે. જે મુજબ અમો વાદીનું મીટર હેન્ગ (અટકાવવા) કરવામાં આવેલ હોવાનું ફલીત થયેલ નથી. પ્રતિવાદી સંસ્થાની ચેકીંગ પાર્ટીએ અમારા યુનીટના મીટર ચેકીંગ વખતે એકયુચેક મીટર વડે મીટરનો સ્થળ ઉપર ટેસ્ટ લીધેલ નથી અને લેબ પરીક્ષણમાં પણ એક્યુચેક મીટરથી ટેસ્ટ લેવામાં આવેલ નથી. જે યાંત્રીક સાધનથી સ્થળ ઉપર જ મીટરની યોગ્યતા અને અયોગ્યતા બાબત નિર્ણય લઈ શકાય. જે ટેસ્ટ પણ પ્રતિ. સંસ્થાના અધિકારીઓએ ઈરાદાપૂર્વક લેવામાં નિષ્ફળ ગયેલ છે. તેટલું જ નહી પણ ઉકત મીટરનો કોઈપણ ટેસ્ટ લીધા વિના જ તદન ખોટી ફરીયાદ પોલીસમાં દાખલ કરી દીધેલ હતી અને ખોટું સપ્લીમેન્ટરી બીલ ઈશ્યુ કરી દીધેલ છે. મીટરના આંતરિક ભાગમાં બાહય સાધનો કે ચીજ વસ્તુ મળી આવેલ નથી. એટલું જ નહી બહારથી કોઈ ઈલેકટ્રોનીક સાધન કે DEVICE થી મીટરને વપરાશ નોંધનું અટકાવવામાં આવેલ હોય તો મીટરના સોફટ વેર્સમાં પણ નુકશાની થાય અને MRI પરીક્ષણમાં તે હકીકત જોઈ શકાય જયારે અમો વાદીના ટેસ્ટ કરવામાં આવેલ મીટરમાં તેના અંતર્ગત રહેલા સોફટ વેર્સમાં પણ કોઈ નુકશાની હોવાનું પરિક્ષણમાં ફલિત થયેલ નથી. જે સંજોગોમાં તદન ખોટી રીતે અને ખોટા કારણોસર અમોને ખોટી જવાબદારીનો ભોગ બનાવવામાં આવેલ છે અને ગેર કાયદેસર રીતે અમારૂ વીજ કનેકશન ડીસ–કનેકશન કરવામાં આવેલ હોય અને તે સંજોગોમાં અમારા ધંધાની વધુ નુકશાની રોકવા અને અમારા યુનીટની મશીનરીને થતા નુકશાન રોકવા અમારે ના છુટકે શરતી રીતે પ્રતિવાદીના સપ્લીમેન્ટરી બીલની રકમ તથા મીનીમમ ચાર્જીસની રકમ ભરવી પડેલ છે.

(૧.૧) અમો વાદીએ આર.ટી.આઈ. દ્વારા પ્રતિવાદીની સમકક્ષ ઓથોરીટીઝ જેવા કે ઉતર ગુજરાત વિદ્યુત કોર્પો.લી. (યુજીવીસીએલ) તથા મધ્ય ગુજરાત વિદ્યુત કોર્પો.લી. (એમજીવીસીએલ) પાસેથી પણ માહિતી મળતા મીટરના MRI ના પરીક્ષણમાં માત્ર ૯૪૯૬૭ ૨૯.૫ ના ફીગર દેખાય તો વીજ ચોરીના સપ્લીમેન્ટરી બીલ ઈશ્યુ કરવામાં આવતો નથી. તેવો સ્પષ્ટ જવાબ આપેલ છે. પ્રતિવાદી સ્ટેચ્યુટરી બોડી હોય

તેમના સમકક્ષ ઓથોરેટીના ઉપરોકત બાબતેના નીચી સિધ્ધાંતો ધોરણો મુજબ જ વર્તવા તેમજ તેમના ગ્રાહકો કોઈ ખોટી જવાબદારીનો ભોગ ન બને તેમ વર્તન કરવા અને FAIR PLAY ના સિધ્ધાંતો તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ ગ્રાહકોના બંધારણીય હકકોનું યોગ્ય રીતે પાલન કરવા અને ખોટી જવાબદારીનો ભોગ ન બને તે જોવા બંધાયેલ હોવા છતાં અમો વાદીને ખોટી રીતે સપ્લીમેન્ટરી બીલ મોકલી તે તમામ સિધ્ધાંતોનો ભંગ કરેલ છે. રૂા.૬,૪૫,૭૩૯.૪૭ પૈસાનું સપ્લીમેન્ટરી બીલ પ્લસ રૂા. ૧૭,૨૨૫ ફીકસ ચાર્જીસના પ્લસ ડીલે પેમેન્ટ ચાર્જીસ રૂા. ૯,૬૮૭ થઈને કુલ રૂા. ૬,૭૨,૬૬૧/– ભરવા ફરજ પાડેલ. વીજ લોકપાલે જે નિર્ણય કરેલ હતો તે સામે નામદાર ગુજરાત હાઈકોર્ટે પીટીશન ફક્ત હકુમતના કારણસર મંજુર કરેલ હતી. આથી વીજ લોકપાલના ગુણદોષના તારણો જ યથાવત રહે છે. આમ છતાં પ્રતિ.એ વિદ્યુત ચોરીની કાર્યવાહી આગળ વધારી હતી. તેટલું જ નહી પરંતુ વિવાદી મીટરને અન્ય N.A.B.L દ્વારા એક્રીડીટેડ લેબોરેટરીમાં પણ ટેસ્ટ કરાવેલ નથી. તેથી કલમ–૧૩૫ હેઠળની કાર્યવાહી પ્રતિ.એ કરેલ છે તે ગેરકાયદેસરની બને છે. ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૫ હેઠળના ગુના માટે પેનલ્ટી બીલ કે પુરવણી બીલ બનાવવાની સતા પ્રતિવાદીને નથી. તેથી વિવાદી બીલ ગેરકાયદેસર છે. કલમ–૧૨૬ હેઠળ બીન અધિકૃત વીજ વપરાશ માટે પેનલ્ટી બીલ કે પુરવણી બીલ બનાવવાની સતા એસેસીંગ ઓફીસરને છે. આથી અમોને અપાયેલ બીલ ગેરકાયદેસર છે. નિયત અંક દેખાવા માત્રથી ફેકટરીમાં જયારે વીજ વપરાશ ચાલુ હતો ત્યારે મીટરમાં વીજ વપરાશ નોંધાતો અટકી ગયો હતો કે નહી અને જો અટકી ગયો હોય તો કેટલા સમય માટે અટકી ગયો હતો તે અંગેની કોઈ વિગત પ્રતિ.એ કયાંય આપેલ નથી અને તેથી વીજ ચોરીનું બીલ ગેરકાયદેસર છે. વાસ્તવિક રીતે એલ એન્ડ ટી કંપનીના ડીઝીટલ મીટરમાં અમુક શબ્દ કે આંકડા દેખાય એટલે વીજ ચોરી ગણવી તેવો કોઈ નિયમ હોઈ શકે નહી. ઈલે. એકટમાં વિદ્યુત ચોરીની જે વ્યાખ્યા છે તેમાં કોઈ સુધારો થયેલ નથી. કોર્પોરેટ ઓફીસના પરિપત્રનું અર્થઘટન તો ખોટું જ છે પરંતુ પ્રતિવાદીને તેમના ઓફીસ ઓર્ડરથી કાયદો સુધારવાની સતા મળતી નથી. વળી એલ એન્ડ ટી કંપનીના અભિપ્રાય ઉપર આધાર રાખી શકાય નહી કારણ કે તે કોઈ તટસ્થ નથી કારણ કે તેને પી.જી.વી.સી.એલ. સાથે ધંધાકીય સબંધો છે. તટસ્થ વૈજ્ઞાનિક અભિપ્રાય લેવામાં આવેલ નથી. ડીઝીટલ મીટરમાં અન્ય કોઈ કારણોસર અથવા ડીફેકટીવ મીટર હોય તો આવા શબ્દ કે આંકડા દેખાઈ શકે કે કેમ ? તે બાબતનો

કોઈ વૈજ્ઞાનિક આધાર નથી. આથી એલ એન્ડ ટીના સ્ટેટેસ્ટીક મીટરમાં અમુક શબ્દ કે અંક બતાવવાથી વિદ્યુત ચોરીનું અનુમાન કરવું તે કાયદા વિરુધ્ધનું છે અને તેના આધારે કરેલી સંપૂર્ણ કાર્યવાહી ગેરકાનુની છે. એલ એન્ડ ટી ના ડીઝીટલ સ્ટેટેસ્ટીક મીટર સબંધે પ્રતિવાદીના અધિકારીઓમાં પણ કોઈ પ્રકારે એક વાકયતા નથી. કોર્પોરેટ ઓફીસનો જે તા. ૯/૨/૨૦૧૦ નો જે પત્ર છે તે વાસ્તવિક રીતે ચીફ એન્જી. પી.જી.વી.સી.એલ. કોર્પોરેટ ઓફીસ રાજકોટે દરેક સુપ્રીન્ડેન્ટીંગ એન્જી.ને લખેલ પત્ર છે અને તેમાં આ મીટરમાં ૩ પ્રકારની પેટન એમ.આર.આઈ. ડેટામાં જોવા મળે તો ચોરી ગણવી તેવું લખેલ છે. આ ત્રણે ત્રણ ક્ષતીઓ એકી સાથે હોવી જરૂરી છે કે સ્વતંત્ર રીતે એક ક્ષતી હોય તો પણ ચોરી ગણાય તે બાબતે પણ પ્રતિવાદીમાં અર્થઘટન ફેર છે. વળી એમ.આર.આઈ. ડેટામાં આ પ્રકારે ફીગર આવે અથવા લખાણ આવે તેથી જ ચોરી ગણવાની થતી નથી પરંતુ તે જ પત્રમાં શરૂઆતમાં જણાવેલ છે તે મુજબ "મીટર્સ ટેમ્પર્ડ વીથ સચ એકસર્ટનલ ડીવાઈસીઝ" તેવા શબ્દો છે. જયારે અમારા કીસ્સામાં બાહય કયાં પદાર્થથી મેટર ટેમ્પર થયું છે તે અંગે પ્રતિવાદી મૌન છે. ચંદન જીનીંગ મીલ માણાવદરને આર.ટી.આઈ. હેઠળ આપેલી માહિતીમાં પ્રતિવાદીએ એવો જવાબ આપેલ છે કે **"કોઈપણ એલ એન્ડ ટી કંપનીના સ્ટેટીક એનર્જી મીટર લાગેલ હોય ત્યારે તેના પર બાહય રીમોટ એકસટર્નલ ડીવાઈસથી તેના એનર્જી રેકોર્ડીંગ સાથે હસ્તક્ષેપ એવી રીતે કરવામાં આવે કે જેથી વીજ વપરાશના માપન કરતી મેમરી કરપ્ટ થાય અને તેના પરિણામ સ્વરૂપે ડીસ્પ્લેમાં ૯૪૯૬૭૨૯.૫ કોડ દેખાય. પરંતુ વિવેક પ્લાસ્ટીકમાં તેના દ્વારા આવેલ નથી."** જયારે અમારા કીસ્સામાં ડીસ્પ્લેમાં આ આંકડો બતાવેલ હોય તો પણ તે શા કારણે થયો છે તેની કોઈ તપાસ નથી. પ્રતિવાદી જેવી દક્ષિણ ગુજરાત વીજ કાં.લી. ના સ્ટેટેસ્ટીક મીટરમાં આવો આંકડો આવ્યે પાવર ચોરીમાં ગણતી નથી તે મતલબે તેમણે જવાબ આપેલ છે. તે જ રીતે ઉતર ગુજરાત વીજ કાં.લી. પણ આવા આંકડાને પાવર ચોરી ગણતી નથી તે મતલબે તેમનો પણ જવાબ આપેલ છે. આ રીતે દરેક પેટા કંપની જુદા જુદા અર્થઘટન કરે છે. લાર્સન એન્ડ ટોબ્રો કંપનીએ તા. ૯/૯/૨૦૧૧ ના પત્રથી તેની રીતે અર્થઘટન કરેલ છે. કેશોદમાં મધુરમ ફયુઅલમાં ચેકીંગ દરમ્યાન અને એમ.આર.આઈ. ડેટા લેતા મીટર સંપૂર્ણપણે ઓકે માલુમ પડેલ અને તે જ સમયે મોડેમ ફીટ કરીને તુરંત જ સ્થળ ઉપર ચાલુ કરતા ઉપરોકત સીરીઝવાળો આંકડો દેખાયેલો. આ રીતે એમ જણાય છે કે એલ એન્ડ ટી મીટર અથવા

તેનું ઈન્સ્ટોલેશન સંપૂર્ણપણે શંકા રહીત નથી મીટરમાં પણ મેન્યુફેકચરીંગ ડીફેકટ હોઈ શકે અથવા મોડેમમાં પણ હોઈ શકે. આ માટે કોઈ વૈજ્ઞાનિક આધાર પી.જી.વી.સી.એલ. પાસે નથી. અમારી જાણ મુજબ સૌરાષ્ટ્ર કચ્છમાં થઈને ૯૦૦ થી ૧૦૦૦ કારખાનાઓ ઉપર આવા સ્ટેટેસ્ટીક મીટરની ચોરીના કેસ થયા છે પરંતુ હજુ સુધી પી.જી.વી.સી.એલ.ના કોઈપણ કર્મચારીને મેમો પણ અપાયેલ નથી કે કોઈ ખાતાકીય તપાસ કે શિક્ષાના કોઈ હુકમો અપાયેલા નથી. જે બતાવે છે કે આ કઈ રીતે થઈ રહેલું છે તે પી.જી.વી.સી.એલ.ની જાણમાં નથી. આશરે ૬ માસ ઈલેકટ્રીસીટીના અભાવે અમારું કારખાનું બંધ રહેલ હતું આથી અમારી ધંધાકીય પ્રતિષ્ઠાને પણ ભયંકર આંચ લાગેલી છે. અમોએ માર્કેટમાં આ સમય દરમ્યાન અમારી પ્રોડકટ વેંચી શકેલ નથી. આ ઉપરાંત ઓઈલમીલમાં ૭ થી ૮ કારીગરો હોય કોઈપણ કામ ન હોવા છતાં તેમના પગાર ચાલુ રહેલ અને આશરે ૬ માસ સુધી કોઈ પીલાણ થયેલ ન હોય ધંધાની મોટી નુકશાની ગયેલી છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા બાંટવા શાખાની અમારી કેસ ક્રેડીટ ફેસેલીટી છે તેમાં પણ વ્યાજની મોટી રકમ ભરવી પડેલ છે. ઉત્પાદન ન થવાને કારણે બેન્કમાં સમયસર પૈસા ભરી શકેલ નહી. આથી પ્રતિવાદીના ગેરકાનુની પ્રક્રિયાને કારણે અમારી ધંધાની નુકશાની આપવા માટે પણ પ્રતિવાદી જવાબદાર છે. ઉપરોકત વિગતે પ્રતિવાદીએ કરેલ ગેરકાનુની કાર્યવાહીથી વાદીને રૂપીયા બાર લાખની નુકશાની ગયેલ હોય હાલનો દાવો રૂપીયા બાર લાખ ની નુકશાની વ્યાજ સાથે મેળવવા તથા બીલ ગેરકાયદેસર છે તે જાહેરાત મેળવવા દાખલ કરેલ છે.

(૦૨) સદર દાવો સ્પેશ્યલ કોર્ટ એટલે કે, ઈલેકટ્રીસીટી કોર્ટમાં દાખલ થયેલ હતો પણ ત્યારબાદ, સ્પેશ્યલ કોર્ટનાં નોટીફીકેશન નં.UHC/2/28/2019 થી હાલનો દાવો અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલ છે. સદર દાવાને રજીસ્ટર કરી પ્રતિવાદીને સમન્સ કરતા પ્રતિવાદી પોતાના વકીલ મારફતે હાજર થયેલ અને દાવા અરજીનો જવાબ આંક-૧૬ થી રજુ રાખી તકરાર કરેલ છે કે, વાદી પોતે ભાગીદારી પેઢીના ભાગીદાર હોય એ બતાવવા કોઇ દસ્તાવેજ રજુ રાખેલ નથી તેથી હાલનો દાવો ચાલવા પાત્ર નથી. વધુ વીજ કનેકશન મેળવતી વખતે પરબતભાઇ એભાભાઇ ભાગીદાર હતા નહી તેથી હાલનો

દાવો ચાલવા પાત્ર નથી. વધુ પ્રતિવાદીએ તકરાર કરેલ છે કે, તા.૩૧/૩/૨૦૧૦ ના રોજ પ્રતિવાદી કંપનીનાં અધિકારી ચેકીંગ કરતા હતા ત્યારે પરબતભાઇ એભાભાઇ હાજર હતા અને ચેકીંગ શીટ તેમની રૂબરૂ ભરવામાં આવી હતી અને તેમની સહી પણ લેવામાં આવેલ હતી. પ્રતિવાદીના મીટરમાં ઓનોમલી જોવા મળેલ જે મુજબ વાદીનું મીટર લેબોરેટરીમાં વાદીના જવાબદાર ઇસમોની રૂબરૂ ચેક કરતાં ૯૪૯૬૭૨૯.૫ જેવા આંકડા જોવા મળેલ જે સરકીટ નાખીને વીજ ચોરી કરેલાનું ફલીત થતું હતું. તેથી, વાદીએ વીજ ચોરી કરેલ હોય વાદીનો દાવો ટકવાપાત્ર ન હોય દાવો રદ કરવા અરજ કરેલ છે.

(૦૩) ઉપરોકત પ્લીડીંગનાં આધારે નામદાર સ્પેશ્યલ કોર્ટ દવારા આંક–૧૯ થી નીચે મુજબ મુદા ઘડેલા છે.

:: **<u>મુદા ::</u>**

01 Whether the plaintiff proves that the electricity theft bill of Rs.6,45,739.47 ps., issued by the defendant P.G.V.C.L., is illegal, against the principles of natural justice and the provision of Sec.135 and 126 of the Electricity Act, 2003 ?

02 Whether the defendant proves that the plaintiff Firm has tampered with the electric meter hence, the power theft bill issued by the P.G.V.C.L., is legal and valid ?

03 Whether the plaintiff is entitled to recover the amount of Rs.12,00,000/- from the defendant P.G.V.C.L., as claimed in the suit ?

04 What order and decree ?

(૦૪) ઉપરોકત મુદદા પુરવાર કરવા માટે વાદીએ નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

-: વાદીનો પુરાવો :-

વાદી તરફે રજુ થયેલ મૌખીક પુરાવો :-

ક્રમ	વિગત	આંક
૦૧	વાદી પરબચભાઇ એભાભાઇનુ સરતપાસનું સોગંદનામું.	૨૦

વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો :-

ક્રમ	વિગત	આંક
૦૧	સ્પે. ઈલે. કેસ નં.૧/૧૩ ના ચુકાદાની ખરી નકલ.	૫૫
૦૨	સ્પે. ઈલે. કેસ નં.૧/૧૩ માં થયેલ સાહેદ સંજયકુમાર પટેલની જુબાનીની ખરી નકલ.	૫૬
૦૩	સ્પે. ઈલે. કેસ નં.૧/૧૩ માં થયેલ સાહેદ ગીરીશકુમાર વાઘેલાની જુબાનીની ખરી નકલ.	૫૭
૦૪	સ્પે. ઈલે. કેસ નં.૧/૧૩ માં થયેલ સાહેદ ભરતકુમાર નારણભાઈની જુબાનીની ખરી નકલ.	૫૮
૦૫	સ્પે. ઈલે. કેસ નં.૧/૧૩ માં થયેલ સાહેદ કિશોરભાઈ નંદલાલભાઈની જુબાનીની ખરી નકલ.	૫૯
૦૬	સ્પે. ઈલે. કેસ નં.૧/૧૩ માં થયેલ સાહેદ મુકેશભાઈ દામજીભાઈની જુબાનીની ખરી નકલ.	૬૦
૦૭	સ્પે. ઈલે. કેસ નં.૧/૧૩ માં થયેલ સાહેદ બલદેવસિંહ લાલુભા રાણાની જુબાનીની ખરી નકલ.	૬૧
૦૮	સ્પે. ઈલે. કેસ નં.૧/૧૩ માં થયેલ સાહેદ મહેશગીરી ગૌસ્વામીની જુબાનીની ખરી નકલ.	૬૨
૦૯	ભાગીદારી લેખ.	૭૮
૧૦	વીજ ચોરીને લગત બીલો	૭૯ થી ૮૧
૧૧	રસીદ	૮૨
૧૨	કેસ નં.૫૦/૧૦ ના કામે થયેલ હુકમ	૮૩

૧૩	પી.જી.વી.સી.એલ. સાથેના થયેલા પત્રો.	૧૧૫, ૧૧૬
૧૪	આર. ટી. આઇ. લગત પત્ર.	૧૨૨
૧૫	પત્રો.	૧૨૩ થી ૧૨૫
૧૬	વીજ વપરાશના લેજરની નકલ.	૧૨૬

(૪.૧) ત્યારબાદ વાદીએ વધુ સાહેદ તપાસેલ નથી અને આંક-૧૨૯ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખી પુરાવો બંધ કરેલ છે.

-: પ્રતિવાદીનો પુરાવો :-

પ્રતિવાદી તરફે રજુ થયેલ મૌખીક પુરાવો :-

ક્રમ	વિગત	આંક
૦૧	પ્રતિવાદી ગીરીશકુમાર બાબુલાલ વાઘેલાનું સરતપાસનું સોગંદનામું.	૮૮

પ્રતિવાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો :-

ક્રમ	વિગત	આંક
૦૧	પત્ર	૯૨
૦૨	સંમતી પત્ર.	૯૩
૦૩	અરજી	૯૪
૦૪	રસીદ	૯૫
૦૫	ભાવ પત્રક	૯૬
૦૬	રસીદ	૯૭
૦૭	બાહેંધરી ખત	૯૮
૦૮	કમ્પ્લીશન રીપોર્ટ.	૯૯, ૧૦૦
૦૯	અહેવાલ	૧૦૧
૧૦	રોજકામ	૧૦૨
૧૧	ચેકીંગ રીપોર્ટ.	૧૦૩
૧૨	પત્ર.	૧૦૪
૧૩	રોજકામ	૧૦૫

૧૪	બીલ	૧૦૬
૧૫	પુરવણી બીલ	૧૦૭
૧૬	પત્ર.	૧૦૮
૧૭	ચેકીંગ રીપોર્ટ.	૧૦૯
૧૮	એ.બી.સી.ડી. ફોર્મ્યુલા	૧૧૦

(૫.૧) ત્યારબાદ પ્રતિવાદીએ વધુ સાહેદ તપાસેલ નથી અને આંક–૧૩૦ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખી પુરાવો બંધ કરેલ છે.

(૦૬) દલીલ :–

<u>વાદીની દલીલ : –</u>

વાદી વિ. વ. શ્રી એ દલીલ કરેલ છે કે, પ્રતિવાદીએ કરેલ વીજ ચોરીનાં કેસમાં વાદીને નિર્દોષ ઠરાવીને છોડી મુકેલ છે. (આંક–૫૫). તેથી વીજ ચોરી પુરવાર થયેલ ન હોય પ્રતિવાદીએ ખોટી રીતે વીજ ચોરીનું બીલ તથા પુરવણી બીલ આપેલ હોય અને ખોટી રીતે રકમ વસુલ કરેલ હોય વાદી તે રકમ પરત મેળવવા હકકદાર બને છે. તેથી, દાવો મંજુર કરવા અરજ કરેલ છે.

વાદીના વિ. વ. શ્રી એ વધુ દલીલ કરેલ છે કે, પ્રતિવાદીએ આંક–૮૮ નાં પુરાવામાં પ્રતિવાદીની એ વાત કબુલ રાખેલ છે કે, વાદીના મીટરમાંથી લેબ ટેસ્ટીંગ સમયે કે ચેકીંગ સમયે કોઇ બાહય પદાર્થ કે સરકીટ મળી આવેલ નથી. આમ, વાદીએ વીજ ચોરી કરેલ ન હોય પ્રતિવાદીએ ખોટુ બીલ આપેલ હોય જે રકમ વાદી પરત મેળવવા હકકદાર બનતા હોય દાવા અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

<u>વાદીએ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. :–</u>

(1) Criminal Misc. Appln. 4465/10.

(2) Writ C No.64725/11 [All HC}

<u>પ્રતિવાદીની દલીલ :–</u>

પ્રતિવાદીના વિ. વ. શ્રી એ આંક–૧૩૩ થી લેખીત દલીલ રજુ રાખી છે. જે ધ્યાને લેવામાં આવેલ છે. પ્રતિવાદીએ પોતાના જવાબનાં સમર્થનમાં નીચે મુજબના ચુકાદો પર આધાર રાખેલ છે. (૧) એ.આઇ.આર. ૨૦૧૦ સુ.કો. ૩૬૨૪ કિશનસિંઘ (ડી) વિ. ગુરપાલસિંઘ અને બીજાઓ.

(૦૭) ઉપરોકત પુરાવાના આધારે મુદદાઓના મારા નિર્ણયો અને તેના કારણો નીચે મુજબ છે.

૦૧ હકારમાં

૦૨ ન્કારમાં

૦૩ અંશત: હકારમાં

૦૪ આખરી હુકમ મુજબ.

(૦૮) ઉપરોકત મુદાના કારણો આપતા પહેલા કેસમાં પડેલ નિર્વિવાદીત હકીકતો ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

<u>નિર્વિવાદીત હકીકતો :–</u>

૧ વાદીને વીજ ચોરીના કેસમાંથી નામદાર સ્પે. કોર્ટે શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. (આંક–૫૫)

૨ સદર સ્પે. ઇલે. કેસ નં.૧/૧૩ નો ચુકાદો પ્રતિવાદીએ ઉપલી અદાલતમાં પડકારેલ હોય તેવો કોઇ દસ્તાવેજ પ્રતિવાદીએ રજુ રાખેલ નથી.

૩ પ્રતિવાદીએ એલ એન્ડ ટી કંપનીનાં જવાબદાર અધિકારીને તપાસેલ નથી. જે જણાવી શકે કે મીટરમાં ૯૪૯૬૭૨૯.૫ આંકડા આવે તેનો મતલબ વીજ ચોરી થયેલ છે.

૪ વાદવાળું મીટર એલ એન્ડ ટી કંપનીમાં તપાસ માટે મોકલવામાં આવેલ નથી અને માત્ર ડેટા પરથી એલ એન્ડ ટી કંપનીએ વીજ ચોરીનો અભિપ્રાય આપેલ છે. (આંક–૧૦૮)

૫ પ્રતિવાદીએ વાદવાળું મીટર એલ એન્ડ ટી કંપની પાસેથી વેચાણ રાખેલ છે અને વાદીના સ્થળ પર લગાડેલ છે.

૬ તા.૩૧/૩/૧૦ ના રોજ વાદીના સ્થળની કરેલ ચેકીંગ દરમ્યાન મીટરમાં કોઇ ચેડા કરેલ હોય કે કોઈ સરકીટ લગાડેલ હોય તેવું જાણવા મળેલ નથી. (આંક–૧૦૨)

૭ પ્રતિવાદીએ આપેલ વીજ ચોરીનું બીલ તથા પુરવણી બીલ વાદીએ ભરપાઇ કરી આપેલ છે. (આંક–૮૨)

(૦૯) ઉપરોકત નિર્વિવાદીત હકીકતો લક્ષમાં લઈને મુદાના કારણો આપવા ન્યાયોચીત છે.

<u>**મુદા નં.–૧ અને મુદા નં.–ર**</u>

મુદા નં.–૧ એવું સુચવે છે કે, શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી દવારા આપવામાં આવેલ વીજ ચોરીનું બીલ રૂા.૬,૪૫,૭૩૯.૪૭ પૈસા ગે. કા.નું કુદરતી ન્યાય વિરૂધ્ધનું અને ઈલે. એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ અને ૧૨૬ વિરૂધ્ધ્નું છે ?

મુદા નં.–ર એવું સુચવે છે કે, શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદી પેઢીએ વીજ મીટર સાથે ચેડા કરી વીજ ચોરી કરેલ હોય વીજ ચોરીનું બીલ કાયદેસરનું છે ?

ઉપરોકત બન્ને મુદદાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય પુનરાવર્તન ટાળવા માટે બન્ને મુદદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે. સવ પ્રથમ પ્રતિવાદીનો વિશીષ્ટ કેસ છે કે વાદીએ વીજ ચોરી કરેલ છે તેથી વીજ ચોરી પુરવાર કરવાનો બોજો નકકી કરવા માટે એવીડન્સ એકટની કલમ–૧૦૩ ધ્યાને લેવી ખુબ મહત્વની બને છે. જે નીચે મુજબ છે.

Sec. 103 :– **Burden of proof as to particular fact**. ––– **The burden of proof as to an particular fact lies on that person who wishes the Court to believe in its existence unless it is provided by any law that the proof of that fact shall lie on a particular person**.

Illustration

A prosecutes B for theft, and wishes the Court to believe that B admitted the theft to C. **A must prove the admission**.

B wishes the Court to believe that, at the time in question, he was elsewhere. He must prove it.

આમ, એવીડન્સ એકટ ૧૮૭૨ ની કલમ–૧૦૩ તથા કલમ–૧૦૧ મુજબ જો કોઈ ખાસ હકીકત પક્ષકાર કોર્ટ દવારા પુરવાર થયેલ હોવાનું ઈચ્છતો હોય તો પુરાવાનો બોજો તે પક્ષકાર પર છે. હાલના કેસમાં પ્રતિવાદીનો જવાબ આંક–૧૬ તથા તે લગત રજુ દસ્તાવેજો ધ્યાને લઈએ તો વાદીએ વીજ ચોરી કરેલ હોવાનો પ્રતિવાદીનો બચાવ છે. આમ, વીજ ચોરી વાદી પેઢીએ કરેલ છે તે પુરવાર કરવાનો બોજો એવીડન્સ એકટ ૧૮૭૨ ની કલમ–૧૦૩ મુજબ પ્રતિવાદી પર છે. હાલના તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા એવીડન્સ એકટની કલમ–૧૦૩ તથા કલમ–૧૦૧ લગત કરેલ અવલોકન ધ્યાને લેવું જરૂરી છે. નામદાર ગુજરાત હાઈકોર્ટએ એવીડન્સ એકટ ૧૮૭૨ ની કલમ–૧૦૩ માટે **Bhupendra Shantilal Shah Versus Fanny Rustomji Contractor [2022(0) AIJEL-HC-243978]** ના કેસમાં કરેલ અવલોકન ધ્યાને લેવાં ખુબ જરૂરી છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ પેરા–૩૭ માં નીચે મુજબ અવલોકન કરેલ છે.

37. **Though the burden of proving fraud lies on the persons alleging it, fraud is not capable of being established by positive and tangible proof. It is therefore, sufficient if the evidence given is such as may lead to an inference that fraud must have been committed. In Subhra Mukherjee v. Bharat Coking Coal Ltd., (2000) 3 SCC 312, para-13 reads thus:**

"There can be no dispute that a person who attacks a transaction as sham, bogus and fictitious must prove the same. But a plain reading of question No.1 discloses that it is in two parts; the first part says, whether the transaction, in question, is bona de and genuine one which has to be proved by the appellants. It is only when this has been done that the respondent has to dislodge it by proving that it is a sham and fictitious transaction. When circumstances of the case and the intrinsic evidence on record clearly point out that the transaction is not bona de and genuine, it is unnecessary for the court to find out whether the respondent has led any evidence to show that the transaction is sham, bogus or fictitious

37.1 **Here, in the present case, it was for defendant Nos.**1, 2 **and** 3 **to prove that the documents and transaction in question were bonafide and genuine. Thus, only when the defendants could have proved so, then the plaintiff was to dislodge them by proving that it were sham, bogus and ctitious. The case before the trial Court was for appreciation of facts and circumstances where none of the parties have preferred to produce or bring on record the original documents. Defendant No.**1**, in whose custody those disputed documents were stated to be by defendant Nos.**2 & 3**, had failed to produce them. The defendant Nos.**2 & 3 **wanted the trial Court to decide their right, title on the suit land by way of the sale deed. Defendant Nos.**2 & 3 **had failed to prove the existence of power of attorney which they say was executed by plaintiff in favour of the defendant No.**2 **and was authenticated by the Executive Magistrate. The defendant Nos.**2 & 3 **were required to give notice under section** 66 **of the Evidence Act. Defendant Nos.**2 & 3 **could not have remained silent spectators, to have waited for defendant No.**1 **to produce the original documents on his own. The power of attorney original is not on record. As per the plaintiff, no such document exist. Defendant Nos.**2 & 3 **could not have merely relied on the photo copy of the power of attorney. Under section** 85 **of the Evidence Act, presumption as to the power of attorney could have been drawn only on the original document. The plaintiff had very specically pleaded that back-dated stamp paper were used, the seal and signature in the name of Executive Magistrate on the alleged power of attorney, were forged. The fraud so pleaded was of having prepared fake power of attorney, for the purpose of deception. The law is clear on the point that if a party calls upon other to produce a document as evidence and on being produced, inspects them, the document should be taken as evidence by both the parties without proof and should be admitted in toto. The notice contemplated in section** 163 **of Evidence Act is a notice to be given under section** 66 **of the Evidence Act. Similarly, the notice envisaged by section** 89 **of the Evidence Act is also the notice referred to in sections** 66, 163 **and** 164 **of the Evidence Act. The notice requires the party to produce the document which is in his possession or power. If the party fails to produce the documents despite the notice, the party at whose instance the notice has been issued is entitled to adduce secondary evidence of the contents of the document. Section** 89 **of the Evidence Act allows the Court to presume that every document called for and not produced after notice to produce, was**

attested, stamped and executed in the manner required by law. This benet of law could have been availed by defendant Nos.2 & 3

આમ, ઉપરોકત ચુકાદામાં કરેલ અવલોકન મુજબ જયારે પ્રતિવાદીનો વિશીષ્ટ કેસ હોય કે વાદી પેઢી મીટરમાં સરકીટ નાખીને વીજ ચોરી કરેલ છે તે હકીકત પુરવાર કરવાનો બોજો પ્રતિવાદી પર છે. પ્રતિવાદી દવારા સાક્ષી ગીરીશકુમાર બાબુલાલ વાઘેલાને આંક–પ૭ થી તપાસેલ છે તેમની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો તેઓ ઉલટ તપાસમાં એ વાત સ્પષ્ટ કબુલ રાખે છે કે, ટેસ્ટીંગ દરમ્યાન કબજે કરેલ મીટરમાંથી કોઇ બાહય પદાર્થ મળી આવેલ નથી. વધુ એ વાત પણ કબુલ રાખે છે કે, મીટર એલ એન્ડ ટી કંપનીનું હતું અને પી.જી.વી.સી.એલ. એટલે કે પ્રતિંવાદી દવારા ખરીદ કરવામા આવેલ હતું. હવે જયારે લેબ ટેસ્ટીંગ સમયે કોઇ બાહય પદાર્થ મળી આવેલ ન હોય ત્યારે ચોરી કેવી રીતે થઇ તે પ્રતિવાદી કે કોઇ એક્ષપર્ટ જ જણાવી શકે છે. હાલના કેસમાં પ્રતિવાદી દવારા મીટર બનાવનાર કંપની એલ એન્ડ ટી ના કોઇ એક્ષપર્ટને તપાસેલ નથી અને માત્ર આંક–૧૦૮ વાળા પત્રથી વીજ ચોરી થયેલાનું જણાવે છે. વધુ આંક–૮૮ ની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો પ્રતિવાદી એ વાત કબુલ રાખે છે કે, દર મહીને પી.જી.વી.સી.એલ.ના વ્યકિત વાદીના સ્થળ પર મીટર રીડીંગ લેવા જતા હતા ત્યારે પણ કોઇ સરકીટ વાદી પેઢીએ મીટરમાં લગાવી હોય તેવું વિદીત થતુ નથી. આ તબકકે જો આંક–૧૦ર નું રોજકામ ધ્યાને લેવામાં આવે તો તે રોજકામ પ્રતિવાદીએ કરેલ છે. જેમાં પ્રતિવાદીએ સ્પષ્ટપણે કોઇ બાહય પદાર્થ મીટરમાંથી પસાર થયેલ હોય કે મીટર સાથે ચેડા થયેલ હોય તેવું જણાવેલ નથી. આમ, સરકીટ નાખીને વાદી પેઢીએ વીજ ચોરી કરેલ હોય તે પ્રતિવાદી પુરવાર કરી શકેલ હોય તે માની શકાય નહી. મીટર પ્રતિવાદી સંસ્થા / લેબમાં તપાસવામાં આવેલ છે. મીટર બનાવનાર કંપનીના કોઇ એક્ષપર્ટનો પુરાવો પ્રતિવાદીએ રજુ રાખેલ નથી. વધુ નામદાર સ્પે. ઇલે. કોર્ટ દવારા

આંક–૫૫ થી વીજ ચોરી કેસમાં ચુકાદો આપી આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. જે સામે પ્રતિવાદી ઉપલી કોર્ટમાં ગયેલ હોય તેવું વિદીત થતું નથી. કબજે કરેલ મીટરમાંથી સરકીટ લગાડીને ચોરી થઇ શકે તે પુરાવો માત્ર મીટર બનાવનાર કંપની જ આપી શકે છે પણ તેવો કોઇ એક્ષપર્ટ પુરાવો પ્રતિવાદીએ રજુ રાખેલ નથી. તેથી પ્રતિવાદી સામે એવીડન્સ એકટની કલમ–૧૧૪ મુજબ વિરૂધ્ધ અનુમાન કરવા નામદાર કોર્ટને ફરજ પડેલ છે. પ્રતિવાદી તરફે રજુ આંક–૧૦૮ નો દસ્તાવેજ ધ્યાને લેતા વાદવાળું મીટર એલ એન્ડ ટી કંપનીને મોકલી આપેલ હોય તેવું વિદીત થતું નથી. માત્ર મીટરના ડેટા ચકાસણી માટે મોકલેલ હતાં તેવું આંક–૧૦૮ સ્પષ્ટરીતે ફલીત કરે છે. આમ, જયાં સુધી મીટર એલ એન્ડ ટી દવારા ચકાસવામાં આવે નહી ત્યાં સુધી ડેટાના આધારે વીજ ચોરી થઇ છે તેવું પુરવાર માની શકાય નહી. જયારે આંક–૮૮ ની ઉલટ તપાસ મુજબ દર મહીને પ્રતિવાદીના અધિકારી મીટર રીડીંગ લેવા સ્થળ પર જતા હોય ત્યારે સ્થળ પર સરકીટ કે કોઇ બાહય પદાર્થ લગાડીને વીજ ચોરી થયેલ હોય તે તરત ફલીત થાય પણ તેવું બનેલ નથી. જો આંક–૧૬ નો જવાબ ધ્યાને લઇએ તો વાદીએ અગાઉ કોઇ વીજ ચોરી કરેલ હોય તેવું ફલીત થતું નથી. મીટર એક ઇલેકટ્રીક ગેજેટ છે. જે કોઇ પણ કારણસર બગડી શકે છે અને જો પ્રતિવાદીના જવાબ પાના નં.–૪ નો છેલ્લો પેરા ધ્યાને લઇએ તો વાદીએ પોતે ફરીયાદ કરેલ હતી જેના આધારે ૩૧/૩/૨૦૧૦ ના રોજ મીટર ચેકીંગ કરવા ગયેલ હતા. જો વાદી પેઢીએ વીજ ચોરી કરેલ હોય તો તે પ્રતિવાદીને ફરીયાદ કરત નહી પણ મીટર અંગે વાદીએ પોતે પ્રતિવાદીને ફરીયાદ કરેલ હતી તેવું પ્રતિવાદીનાં આંક–૧૬ ના પાના નં.–૪ પરથી સ્પષ્ટ ફલીત થાય છે. આમ, જયારે એલ એન્ડ ટી કંપની દવારા કબજે કરેલ વાદીનું મીટર તપાસેલ ન હોય અને માત્ર ડેટા રજુ કરીને વીજ ચોરીનો અહેવાલ આપેલ હોય જેના આધારે પ્રતિવાદી વાદીએ વીજ

ચોરી કરેલ છે તેવું જણાવતા હોય ત્યારે આવા અભિપ્રાયને એક્ષપર્ટના પુરાવાનો ટેકો મળતો ન હોય તથા તે અભિપ્રાય કયા આધારે આપવામાં આવેલ છે તે રેકર્ડ પર આવતું ન હોય કે કોઈ સરકીટ કે કોઈ બાહ્ય પદાર્થ પણ પ્રતિવાદી કંપની દવારા વાદીના મીટરમાંથી કબજે કરવામાં આવેલ ન હોય જેનું અવલોકન નામદાર સ્પે. ઈલે. કોર્ટે પોતાના ઈલે. કેસ નં.૧/૧૩ ના ચુકાદામાં કરી વાદીને નિર્દોષ છોડી મુકેલ હોય ત્યારે વાદીએ વીજ ચોરી કરેલ હોય તે માની શકાય નહી. તેથી મુદા નં.–ર નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે.

હવે જયારે પ્રતિવાદી વીજ ચોરી થયેલ હોવાનું પુરવાર કરવા નિષ્ફળ નિવડેલ હોય વાદીને આપેલ બીલ ગેરકાયદેસર છે તે માનવાનું રહે. વાદીએ બીલની રકમ ભરેલ છે જે આંક–૮ર થી તેની રસીદ રજુ છે. તેથી સદર બીલ ગેરકાયદેસર હોય તેમજ તે બીલ ઈલે. એકટની કલમ–૧૩૫ તથા કલમ–૧ર૬ વિરૂધ્ધની હોય તે નકારી શકાય નહી. તેથી મુદદા નં.–૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

<u>મુદા નં.–૩ :–</u>

મુદા નં.–૩ એવું સુચવે છે કે, શું વાદી રૂપીયા બાર લાખ પ્રતિવાદી પાસેથી મેળવવા હકકદાર છે ?

વાદીએ રજુ રાખેલ તમામ પુરાવામાં વાદીને પ્રતિવાદી દવારા વીજ ચોરીનું બીલ તથા પુરવણી બીલ (આંક–૭૯, ૮૦, ૮૧) આપેલ છે તે ફલીત થાય છે. પણ વાદીને બીજુ કોઈ નુકશાન ગયેલ હોય તેવું વાદી બતાવી શકેલ નથી. વાદીના આંક–ર૦ ના સોગંદનામામાં પણ વાદીને કોઈ નુકશાન થયેલ હોય તેવું તે બતાવી શકેલ નથી. કામગીરીનો પગાર ચુકવેલ હોય તેવું પગારનું બીલ રજુ રાખેલ નથી કે તેમને કોઈ નુકશાન થયેલ હોય અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાંથી લીધેલ કેશ ક્રેડીટ ફેસેલીટીનું વ્યાજ

ચુકવવું પડેલ હોય તેવું તેઓએ બતાવેલ નથી કે તે સબબ કોઈ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. આમ, વાદીની બાર લાખની દાદ ટકવા પાત્ર નથી પણ વીજ ચોરી અંગે પ્રતિવાદી દવારા આપવામાં આવેલ બીલ તેમજ પુરવણી બીલ તથા ફીકસ ચાર્જ વસુલ કરવા વાદી હકકદાર બને છે. તેથી મુદા નં.–૩ નોજવાબ અંશત: હકારમાં આપી વાદી બીલની રકમ રૂા.૬,૪૫,૭૩૯.૪૭ પૈસા તેમજ ડીલે પેમેન્ટ ચાર્જ રૂા.૯,૬૮૭/– તથા ફીકસ ચાર્જ રૂા.૧૭,૨૨૫ પ્રતિવાદી કંપની પાસેથી વ્યાજ સાથે મેળવવા હકકદાર બને છે. હાલનો દાવો કોઈ કોન્ટ્રાકટ પર આધારીત ન હોય સી.પી.સી.ની કલમ–૩૪ મુજબ ૬% વ્યાજ મેળવવા વાદી હકકદાર બને છે. તેથી મુદા નં.–૩ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે.

પ્રતિવાદીના વિ. વ. શ્રી ની આંક–૧૩૩ ની દલીલ ટકવા પાત્ર નથી કારણ કે, જયારે પ્રતિવાદીનો વિશીષ્ટ કેસ હોય કે વાદીએ સરકીટ મુકીને વીજ ચોરી કરેલ છે. ત્યારે એવીડન્સ એકટની કલમ–૧૦૩ તથા કલમ–૧૦૧ મુજબ આ હકીકત પુરવાર કરવાનો બોજો પ્રતિવાદી પર છે પણ પ્રતિવાદીએ કોઈ સરકીટ કબજે કરેલ નથી કે કોઈ એક્ષપર્ટ તપાસેલ નથી અને માત્ર એલ એન્ડ ટી ના આંક–૧૦૮ ના પત્રના આધારે વાદીએ વીજ ચોરી કરેલ હોવાનું જણાવેલ છે અને તે આંક–૧૦૮ ના પત્ર મુજબ એલ એન્ડ ટી કંપની દવારા પણ કબજે કરેલ મીટર ચકાસવામાં આવેલ નથી ત્યારે પ્રતિવાદીની આંક–૧૩૩ ની દલીલ ગ્રાહય રાખી શકાય નહી. વાદીએ Common Law મુજબ કેસ કરેલ હોય બીજી ભાગીદારી પેઢી લગતની દલીલ ટકવાપાત્ર નથી. તેથી ખારીજ કરવામાં આવે છે. પ્રતિવાદી દવારા રજુ રાખવામાં આવેલ Kishan Singh (D) through L/ Rs. V. Gurpal Singh & Ors. AIR 2010 SC 3624 નો ચુકાદો પણ હાલના કેસમાં લાગુ પાડી શકાય નહી. સદર કેસમાં મુદદો એફ. આઈ. આર. કવોશ

કરવાનો હતો જે હાથ ઉપરના કેસથી અલગ છે. તેથી પ્રતિવાદીની દલીલ ખારીજ કરી મુદા નં.–૪ લગત નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

–:: હુ ક મ ::–

૧. વાદીનો હાલનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. વાદીને આપેલ બીલ ગેરકાયદેસર ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ–૧૩૫ અને ૧૨૬ વિરૂધ્ધનું જાહેર કરવામાં આવે છે.

૩. પ્રતિવાદી એ વાદીને બીલની રકમ રૂા.૬,૪૫,૭૩૯–૪૫ પૈસા તથા ડીલે પેમેન્ટ ચાર્જીસ રકમ રૂા.૯,૬૮૭/– તેમજ ફીકસ ચાર્જ રકમ રૂા.૧૭,૨૨૫/– કુલ રકમ રૂા.૬,૭૨,૬૫૧–૪૫ પૈસા ૬% વ્યાજ સાથે આ હુકમની તારીખથી એક મહીનામાં ચુકવી આપવાનો આદેશ કરવામાં આવે છે.

૪. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

૫. હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૧ લી માહે મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

વંથલી.
તા.૦૧/૦૫/૨૦૨૬.

(એલ. આઈ. ઈંગલે)
એડી. સીની. સીવીલ જજ, વંથલી.
કોડ નં.જીજે૦૧૩૭૨.